सत्यमेव जयते

GJBT030020402023

ફરિયાદ દાખલ તારીખ : ૧૫/૦૬/૨૦૨૩
રજીસ્ટર કર્યા તારીખ: ૧૫/૦૬/૨૦૨૩
નિકાલ કર્યા તારીખ : ૧૫/૦૫/૨૬
વર્ષ–માસ–દિવસ
૦૨ – ૧૧ – ૦૦

**<u>–: ફોર્મ–એ :–</u>**

**ગઢડાના મે. એડી.જયુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. ગઢડા, જી. બોટાદ.**
**જજમેન્ટ જાહેર કર્યા તા. ૧૫–૦૫–૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૧૭૨૫/૨૦૨૩**

**પોલીસ સ્ટેશન :–**ગઢડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૪૨૨૧૭૨૯/૨૦૨૨

**આંક–**

**ફરિયાદી:–** શ્રી સરકાર

**–: વિરૂધ્ધ :–**

**આરોપી:–**
(૧) રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયા
ઉ.વ. ૨૬, ધંધો– મજુરી
(૨) મેહુલભાઈ ઉર્ફે રાહુલ ધીરુભાઈ શેખલીયા
ઉ.વ. ૨૨, ધંધો–મજુરી
(૩) દિલીપભાઈ ધીરુભાઈ શેખલીયા
ઉ.વ. ૩૫, ધંધો–મજુરી
(૪) શૈલેષભાઈ ધીરુભાઈ શેખલીયા
ઉ.વ. ૨૫, ધંધો–મજુરી
તમામ રહે. ભીમડાદ ગામ
તા. ઉમરાળા, જી.ભાવનગર

**વકીલશ્રી**

ફરીયાદી તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.આર. પટેલ

આરોપીઓ તરફે : વિ.વકિલશ્રી એલ.બી. સોલંકી

## –: ફોર્મ–બી:–

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા. ૨૬–૧૨–૨૦૨૨ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા. ૨૬–૧૨–૨૦૨૨ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા. ૧૫–૦૬–૨૦૨૩ |
| તહોમતનામુ ફરમાવ્યાની તારીખ | તા. ૨૪–૦૮–૨૦૨૩ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યાની તારીખ | તા. ૨૬–૧૨–૨૦૨૩ |
| હુકમ ઉપર રાખ્યાની તારીખ | તા. ૧૫–૦૫–૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યાની તારીખ | તા. ૧૫–૦૫–૨૦૨૬ |
| સજા અંગેનો હુકમ જાહેર કર્યાની તારીખ જો હોય તો | તા. ૧૫–૦૫–૨૦૨૬ |

–:આરોપીની વિગત:–

| | |
|---|---|
| આરોપીનો ક્રમ :– | ૧ |
| આરોપીનું નામ :– | રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયા |
| ધરપકડ કર્યા તારીખ :– | તા. ૨૭–૧૨–૨૦૨૨ |
| જામીન મુકત કર્યા તારીખ:– | તા. ૨૮–૧૨–૨૦૨૨ |
| કયો ગુનો નોંધાયેલો :– | ઈ.પી.કો. કલમ –૩૨૫, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ |
| છોડી મુકેલ કે સજા કરેલ :– | સજા કરેલ |
| સજા કર્યાની વિગતો :– | **૧.**આ કામના આરોપી નં. ૧ રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયાનાઓને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૫ હેઠળ૦૩(ત્રણ) વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.<br>**૨.**આરોપી નં. ૧ રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયાનાઓએ ફરીયાદી ભુપતભાઈ બચુભાઈ શેખલીયાને સી.આર.પી.સી. કલમ ૩૫૭ હેઠળ રૂપિયા |

| | |
|---|---|
| | ૩૦૦૦/– આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમ કરવામાં કસુર કરશે તો ત્રણ મહીનાની સાદી કેદની સજા ભોગવાનો હુકમ કરવામાં આવે છે. |
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહયાનો સમયગાળો :– | – |

| | |
|---|---|
| આરોપીનો ક્રમ :– | ૨ |
| આરોપીનું નામ :– | મેહુલભાઈ ઉર્ફે રાહુલ ધીરુભાઈ શેખલીયા |
| ધરપકડ કર્યા તારીખ :– | તા. ૨૭–૧૨–૨૦૨૨ |
| જામીન મુકત કર્યા તારીખ:– | તા. ૨૮–૧૨–૨૦૨૨ |
| કયો ગુનો નોંધાયેલો :– | ઈ.પી.કો. કલમ –૩૨૫, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ |
| છોડી મુકેલ કે સજા કરેલ :– | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગતો :– | |
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહયાનો સમયગાળો :– | – |

| | |
|---|---|
| આરોપીનો ક્રમ :– | ૩ |
| આરોપીનું નામ :– | દિલીપભાઈ ધીરુભાઈ શેખલીયા |
| ધરપકડ કર્યા તારીખ :– | તા. ૨૭–૧૨–૨૦૨૨ |
| જામીન મુકત કર્યા તારીખ:– | તા. ૨૮–૧૨–૨૦૨૨ |
| કયો ગુનો નોંધાયેલો :– | ઈ.પી.કો. કલમ –૩૨૫, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ |
| છોડી મુકેલ કે સજા કરેલ :– | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગતો :– | |

| | |
|---|---|
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહયાનો સમયગાળો :– | – |

| | |
|---|---|
| આરોપીનો ક્રમ :– | ૪ |
| આરોપીનું નામ :– | શૈલેષભાઈ ધીરુભાઈ શેખલીયા |
| ધરપકડ કર્યા તારીખ :– | તા. ૨૭–૧૨–૨૦૨૨ |
| જામીન મુકત કર્યા તારીખ:– | તા. ૨૮–૧૨–૨૦૨૨ |
| કયો ગુનો નોંધાયેલો :– | ઈ.પી.કો. કલમ –૩૨૫, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ |
| છોડી મુકેલ કે સજા કરેલ :– | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગતો :– | |
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહયાનો સમયગાળો :– | – |

## –: ફોર્મ–સી:–

**ફરિયાદપક્ષ / આરોપીઓ પક્ષે / અદાલત ધ્વારા તપાસેલા સાહેદોની યાદી**

**એ**– ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| ફરિયાદી તરફે સાહેદ નં. | સાહેદનું નામ | સાહેદની કામગીરી | આંક |
|---|---|---|---|
| ૧. | ભુપતભાઈ બચુભાઈ શેખલીયા | ફરિયાદી | ૦૭ |
| ૨. | મનિષાબેન અજયભાઈ શેખલીયા | સાહેદ | ૦૯ |
| ૩. | અજયભાઈ ભુપતભાઈ શેખલીયા | સાહેદ | ૧૦ |
| ૪. | કુંવરબેન ભુપતભાઈ શેખલીયા | સાહેદ | ૧૨ |
| ૫. | ડો. યગ્નેશકુમાર જયંતીભાઈ ઈસનાવા | સાહેદ | ૧૩ |

| | | | |
|---|---|---|---|
| ૬. | ડો. ચીરજીલાલ સૈની | સાહેદ | ૨૦ |
| ૭. | દીગ્વીજયભાઈ જયવંતભાઈ પટગીર | ત.ક.અ. | ૨૨ |
| ૮. | સંજયભાઈ છનાભાઈ સોલંકી | પંચ સાહેદ | ૨૩ |
| ૯. | નીલેશભાઈ મુકેશભાઈ વણોદીયા | પંચ સાહેદ | ૨૫ |

**બી**– આરોપી પક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| **સાહેદ નં.** | **સાહેદનું નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|
| – | – | – |

**સી**– અદાલતે તપાસેલા સાહેદોના પુરાવાની યાદી :–

| **સાહેદ નં.** | **સાહેદનું નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ / આરોપીઓ પક્ષે / અદાલતે દસ્તાવેજી પુરાવાઓને આપેલા નંબર**

**એ**– ફરિયાદપક્ષ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ફ.આંક–૦૮/ ફ.સા.૧ | ફરીયાદ |
| ૨. | ફ.આંક–૧૪/ ફ.સા.૫ | દર્દીનું સારવારનું સર્ટીફીકેટ |
| ૩. | ફ.આંક–૧૫/ ફ.સા.૫ | ઓ.પી.ડી. પેપર્સ |
| ૪. | ફ.આંક–૧૬/ ફ.સા.૫ | પોલીસ યાદી |
| ૫. | ફ.આંક–૨૧/ ફ.સા.૬ | દર્દીનું સારવારનું સર્ટીફીકેટ |

| | | |
|---|---|---|
| ૬ | ફ.આંક–૨૪/ ફ.સા.૮ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |

**બી**– આરોપી પક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | – | – |

**સી**– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | – | – |
| ૨. | – | – |

**ડી**– વધારાના આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **–** | **–** | **–** |

## –: ચુકાદો :–

**૧.)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૨૬–૧૨–૨૦૨૨ કલાક– ૧૭/૦૦ વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીના દીકરા રૂત્વીક તથા વિજય પતંગ ચગાવતા હતા ત્યારે આ કામના આરોપી રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયા સાથે ઝઘડો થતા ફરીયાદી સમજાવતા હતા ત્યારે રણજીતભાઈ તથા મેહુલભાઈ તથા દિલીપભાઈ તથા શૈલેષભાઈ ભુંડા બોલી ગાળો આપી આરોપી રણજીતભાઈએ ફરીયાદીના જમણા પગના નળાના ભાગે પથ્થર મારી ફ્રેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલો.

જે અંગેની ફરિયાદ ફરિયાદીએ આરોપીઓ વિરુધ્ધ નોંધાવેલી.

જે ગઢડા પો.સ્ટે.ના ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૪૨૨૧૭૨૯/૨૦૨૨ ભારતીય દંડ

સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ દરમ્યાન જરૂરી પંચનામાનો તૈયાર કરી , જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં ચાર્જશીટ દાખલ કરેલું.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ વિરુધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઈ, આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઈ ગયેલ છે. જે અન્વયે આરોપીઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફત હાજર થતાં આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ **આંક–૦૨ થી તહોમતનામુ** ફરમાવી, તે તહોમતનામા સબબ આરોપીઓની **આંક– ૦૩ થી આંક–૦૬ સુધી** પ્લી નોંધવામાં આવેલી. જેમાં આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરી, પોતે ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

**૩.)** ઉપરોકત પુરાવા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક સ્વરૂપે જાહેર કરેલ છે.

ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ વિરૂધ્ધની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેઓ વિરૂધ્ધ તદ્દન ખોટો કેસ કરેલ હોય રાગધ્વેશ રાખી ખોટી ફરીયાદ કરેલ હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૪.)** ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષની હકીકતો

મુજબની મૌખિક દલીલો કરેલી છે, જે ધ્યાને લીધી.

જ્યારે આરોપીઓ તરફે વિદ્ધાન વકીલશ્રી એલ.બી. સોલંકીની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, હાલના આરોપીઓને આ કામે કોઈ ગુનો આચરેલ નથી. જેથી આરોપીઓને આ કામમાં તકસીરવાન ઠરાવી શકાય નહી અને તેઓને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

**૫.)** ઉપરોકત ફરિયાદ, હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ગઈ તા. ૨૬–૧૨–૨૦૨૨ કલાક– ૧૭/૦૦ વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીના દીકરા રૂત્વીક તથા વિજય પતંગ ચગાવતા હતા ત્યારે આ કામના આરોપી રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયા સાથે ઝઘડો થતા ફરીયાદી સમજાવતા હતા ત્યારે રણજીતભાઈ તથા મેહુલભાઈ તથા દિલીપભાઈ તથા શૈલેષભાઈ ભુંડા બોલી ગાળો આપી આરોપી રણજીતભાઈએ ફરીયાદીના જમણા પગના નળાના ભાગે પથ્થર મારી ફ્રેકચર કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

**૨.** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** અંશત: હકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**<u>ફરિયાદીનો પુરાવોઃ–</u>**

**૬.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧ ભુપતભાઇ બચુભાઇ શેખલીયાને**

**આંક– ૦૭ થી** તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ વખતે હું ભીમડાદ ખાતે મારા પરીવાર સાથે રહેતો હતો અને હાલ પણ ત્યાં જ રહુ છુ. મારા પરીવારમાં મારી પત્ની કુંવરબેન તથા દીકરો અજયભાઈ તથા દીકરી હેતલબેન ઉર્ફે શીતલ નાઓ છે.બનાવ આજથી આશરે વર્ષ પહેલા બનેલો બનાવની ચોકકસ તારીખ કે મહીનો કે વર્ષ યાદ નથી પરંતુ ખીચર (ઉતરાયણ)ના પાંચ દીવસ પહેલા બનેલો.બનાવના દીવસે હુ મારા ઘરે હાજર હતો ત્યારે સાંજના પાંચ વાગ્યે ત્યારે મને રણજીતભાઈએ પથ્થર મારેલો. તેને મને મારા છોકરાએ દીલીપના છોકરાએ પતં ગ લઈ લીધેલ તેથી મે તેને ઠપકો આપતા આ છોકરો તેના પીતા દીલીપભાઈ તથા તેના કાકા રણજીતભાઈને આ બાબતે કહેવા ગયેલો જેથી આ વખતે આ દીલીપભાઈ ધીરુભાઈ, રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયા, મેહુલભાઈ ધીરુભાઈ શેખલીયા અને શૈલેષભાઈ ધીરુભાઈ શેખલીયા મારા ઘરે આવેલા અને હું મારા ઘરના ફળીયામાં ઉભો હતો ત્યારે આ ચારેય જણા પાસે લાકડીઓ હતી અને મારો પગ ભાંગી ગયેલો હોય મને આ લોકોએ મારેલો નહી. અને આ વખતે આડોશી પાડોશી ગામના લોકો ભેગા થઈ જતા ત્યાંથી જતા રહેલા આ બનાવમાં મને ઈજા થયેલી હોય. મારા પત્ની તથા દીકરો ૧૦૮ માં મને બેસાડી બોટાદ સોનાવાલા હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યાં આગળ હાજર ડોકટરે મને પગે પાટો બાંધીને આગળની સારવાર માટે ભાવનગર સર્ટી હોસ્પિટલમાં મોકલેલા મને જમણા પગમાં ફ્રેકચર થઈ ગયેલુ હોય પગમાં સળીયા નાંખેલા.હું જયારે બોટાદ હોસ્પિટલમાં હતો ત્યારે પોલીસ આવેલી અને પોલીસે મારી ફરીયાદ હકીકત લખેલી આજ રોજ મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમા મારા અંગુઠાનું નીશાન છે.જે અસલ ફરીયાદ આંક– ૮ થી રજુ થયેલ છે. આજરોજ નામદાર કોર્ટમાં આરોપીઓ હાજર છે તે જોઈને ઓળખી બતાવુ છુ.

સદરહુ ફરીયાદીએ પોતાની ફરીયાદ અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં ફરીયાદીએ તેમની ફરીયાદ અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે.

બચાવપક્ષે ફરીયાદીએ પોતાની **ઉલટતપાસ**માં જણાવેલ છે કે, હું જયાં રહુ છુ ત્યાં આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે અને મારા ઘરની આગળ જાહેર રસ્તો આવેલો છે.આ રસ્તા ઉપર લોકોની અવરજવર રહે છે.આરોપીઓ બનાવ સમયે મારા ઘરની સામે રહેતા હતા હાલ હુ બીજે રહેવા જતો રહેલો છુ.મારા અને આરોપીઓના ઘરની વચ્ચે જાહેર રસ્તો આવેલો છે. આ બનાવ સમયે ત્યાં ઘણા લોકો ભેગા થઈ ગયેલા આ ભેગા થઈ ગયેલા લોકો ૧૫ થી ૨૦ જણા હતા તેના નામ મને ખબર નથી. બોટાદ સોનાવાલા દવાખાને મને ખાલી પાટો બાંધેલ બીજી કોઈ સારવાર કરેલ નહી ત્યાંથી મને ભાવનગર સરટી હોસ્પિટલ લઈ ગયેલા. બોટાદ સારવાર દરમ્યાન મારે હોક્ટર સાથે બનાવ અંગે કોઈ વાતચીત થયેલી નહી અને મે બનાવ અંગે કોઈ હકીકત ડોક્ટરને લખાવેલ નહી.ભાવનગર સરટી હોસ્પિટલ મારી સાથે મારી પત્ની તથા મારો છોકરો આવેલા. ભાવનગરના કોક્ટરને બનાવ અંગે મે કોઈ હકીકત લખાવેલ નહી પરંતુ મારા દીકરાએ લખાવેલી. બનાવ અંગેની ફરીયાદની હકીકત મને અને મારા દીકરાને પોલીસે પુછેલ્ી બનાવ અંગેની ફરીયાદ તથા હકીકત મારા દીકરાએ લખાવેલી અને એક લખેલી ફરીયાદમાં મારો અંગુઠો પોલીસે લીધેલો આ લખેલી ફરીયાદ મને વાંચી સંભળાવેલ નહી જેથી તેમાં શું લખેલી તેની મને ખબર નથી. આ કામના આરોપીઓ મારા ઘરની સામે રહેતા હોય જેથી હું ઓળખુ છુ. બનાવ સમયે મારો દીકરો ઘરે હાજર ન હતો.

**<u>સાહેદોના પુરાવાઓઃ–</u>**

**૭.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં.૨** મનિષાબેન અજયભાઈ શેખલીયાને **આંક– ૦૯** થી તપાસેલા છે. બનાવ વખતે હું ભીમડાદ ખાતે મારા પરીવાર સાથે મારી સાસરીમાં રહુ છુ. મારા પરીવારમાં મારા સસરા ભુપતભાઈ તથા મારા સાસુ કુંવરબેન તથા પતિ અજયભાઈ તથા નણંદ હેતલબેન ઉર્ફે શીતલ નાઓ છે. બનાવ આજથી આશરે વર્ષ પહેલા બનેલો બનાવની ચોકકસ તારીખ કે મહીનો કે વર્ષ યાદ નથી. બનાવના દિવસે હુ મારા ઘરે ભીમડાદ ખાતે હાજર હતી ત્યારે સાંજના પાંચ વાગ્યે ત્યારે મારા સસરા ભુપતભાઈને રણજીતભાઈએ પથ્થર મારેલો. અને આ બનાવમાં મારા સસરાને ઈજા થતા ગામમાંથી ગાડી બોલાવીને હોસ્પિટલમાં સારવાર માટે મારા પતિ લઈ ગયેલા અને હુ સાથે ગયેલી નહી આ બનાવમાં મારા સસરાને પગમાં વાગેલુ અને અને મારા સસરાને દવાખાને લઈ ગયા બાદ દીલીપભાઈ ધીરુભાઈ,

રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયાલ મેહુલભાઈ ધીરુભાઈ શેખલીયા અને શૈલેષભાઈ ધીરુભાઈ શેખલીયા મારા ઘરે આવેલા અને હુ મારા ઘરના ફળીયામાં ઉભો હતો ત્યારે આ ચારેય જણા લાકડીઓ લઈને આવેલા અને પોલીસની ગાડી આવી પછી આ લોકો જતા રહેલા. આ બધા આરોપીઓ અમારા પરીવારના સભ્યોને ગાળો બોલતા હતા. આજ રોજ નામદાર કોર્ટમાં આરોપીઓ હાજર છે તે જોઈને ઓળખી બતાવું છું.

સદરહુ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં સાહેદે તેમના પોલીસ રુબરુના નિવેદન અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે.

બચાવપક્ષે સાહેદે પોતાની **ઉલટતપાસ**માં જણાવેલ છે કે, બનાવ બન્યો ત્યારે હુ મારા ઘરમાં હતી અને બનાવ ઘરની બહાર બનેલો. મે મારા સસરાને આરોપીઓ પથ્થર મારતા જોયેલુ નથી. હુ જયાં રહુ છુ ત્યાં આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે અને મારા ઘરની આગળ જાહેર રસ્તો આવેલો છે.આ રસ્તા ઉપર લોકોની તથા વાહનોની અવરજવર રહે છે. આરોપીઓ અમારા સમાજના હોય તેમજ એક જ ગામમાં રહેતા હોય જેથી હું તેમને પેલેથી ઓળખુ છુ.બનાવ બાબતે પોલીસે મારી પુછતરછ કરેલી. પોલીસે મે કીધુ એ રીતે નીવેદન લખેલુ.હુ ભણેલ નથી. આ બનાવ સમયે ત્યાં ઘણા લોકો ભેગા થઈ ગયેલા આ ભેગા થઈ ગયેલા લોકો ૧૫ થી ૨૦ જણા હતા તેના નામ મને ખબર નથી.

૮.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં.૩ અજયભાઇ ભુપતભાઇ શેખલીયા**ને **આંક– ૧૦** થી તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ વખતે હું ભીમડાદ ખાતે મારા પરીવાર સાથે રહુ છુ. મારા પરીવારમાં મારા પિતા ભુપતભાઈ તથા માતા કુંવરબેન તથા પત્ની મનિપાબેન તથા બેન હૈતલબેન નાઓ છે. બનાવ આજથી આશરે વર્ષ પહેલા બનેલો બનાવની ચોકકસ તારીખ કે મહીનો કે વર્ષ યાદ નથી. બનાવના દીવસે હું ભીમડાદ ખાતે ગામમા હાજર હતો ત્યારે મને સાંજના પાંચ વાગ્યે એવી ખબર પડેલી કે ઘરે ઝઘડો થયેલ છે. જેથી હુ મારા ઘરે

ગયેલો અને ત્યાં જઈને જોયું તો મારા પિતા ભુપતભાઈને રણજીતભાઈએ પથ્થર મારેલો જેથી તેમનો પગ ભાંગી ગયેલો. અને આ બનાવમાં મારા પિતાને ઈજા થતા ૧૦૮ બોલાવીને હોસ્પિટલમાં સારવાર માટે મારા પિતાને લઈ ગયેલા અને હું તેમની સાથે ગયેલો. આ સિવાય શું બનાવ બનેલો તેની મને ખબર નથી. આજ રોજ નામદાર કોર્ટમાં આરોપીઓ હાજર છે તે જોઈને ઓળખી બતાવું છુ.

સદરહુ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં સાહેદે તેમના પોલીસ રુબરુના નિવેદન અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે.

બચાવપક્ષે સાહેદે પોતાની **ઉલટતપાસ**માં જણાવેલ છે કે, બનાવ મે નજરે જોયેલો નથી જેથી મને બનાવ અંગે કોઈ જાત માહીતી નથી. હુ ધોરણ–૪ સુધી ભણેલો છુ મને ખાલી વાંચતા આવડે , લખતા આવડતુ નથી. હુ જયાં રહુ છુ ત્યાં આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે અને મારા ઘરની આગળ જાહેર રસ્તો આવેલો છે. આ રસ્તા ઉપર લોકોની તથા વાહનોની અવરજવર રહે છે.બનાવ સમયે આજુબાજુના ઘણા લોકો ભેગા થઈ ગયેલા. બનાવ અંગે પોલીસે મારી પુછપરછ હુ દવાખાને હતો ત્યારે કરેલી.ત્યારબાદ પોલીસે મારી કોઈ પુછપરછ કરેલી નહી.આરોપીઓ અમારા સમાજના હોય તેમજ એક જ ગામમાં રહેતા હોય જેથી હુ તેમને પેલેથી ઓળખુ છુ.

૯.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં.૪ કુંવરબેન ભુપતભાઇ શેખલીયાને આંક–૧૨** થી તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે બાર મહીના પહેલા બનેલો. બનાવ વખતે હું ભીમડાદ ખાતે મારા પરીવાર સાથે રહેતી હતી. મારા પરીવારમાં મારા પતિ ભુપતભાઈ તથા દીકરો અજય તથા પત્ની મનિષા તથા મારી દીકરી હેતલ એમ તમામ અમે સાથે રહેતા હતા અને બનાવ આજથી આશરે એક વર્ષ પહેલા બનેલો બનાવની ચોકકસ તારીખ કે મહીનો કે વર્ષ યાદ નથી. બનાવના દીવસે હુ મારા ઘરે ભીમડાદ ખાતે મારા ઘરે હાજર હતી ત્યારે સાંજના સાડા પાંચ વાગ્યે ત્યારે મારા પતિ ભુપતભાઈને રણજીતભાઈએ પથ્થર

મારેલો.જે પથ્થર મારા પતિને જમણા પગમાં મારેલો અને આ બનાવમાં મારા પતિને ઈજા થતા ગામમાંથી ગાડી બોલાવીને હોસ્પિટલમાં સારવાર માટે મારા પતિને લઈ ગયેલા અને હુ પણ હોસ્પિટલમાં સાથે ગયેલી મારા પતિને ૧૦૮ માં બોટાદ ખાતે લઈ ગયેલા અને ત્યાંથી તેઓને ભાવનગર મોટા દવાખાને લઈ ગયેલા અને ત્યાં હાજર ડોકટરે સારવાર કરી પગમાં સળીયા નાંખેલા.અને ત્યારબાદ હોસ્પિટલમાંથી મારા પતિને રજા આપતા અમે ઘરે આવી ગયેલા. આ બનાવમાં મારા પતિને પગમાં વાગેલુ ત્યારબાદ દીલીપભાઈ ધીરુભાઈ, મેહુલભાઈ ધીરુભાઈ શેખલીયા અને શૈલેષભાઈ ધીરુભાઈ શેખલીયા મારા પરે આવેલા અને હું મારા ઘરના ફળીયામાં બેઠા હતા ત્યારે આ ચારેય જણા લાકડીઓના ધોકા લઈને આવેલા અને ગામના લોકો આવી જતા ત્યાંથી જતા રહેલા. આજ રોજ નામદાર કોર્ટમાં આરોપીઓ હાજર છે તે જોઈને સાહેદ નામજોગ ઓળખી બતાવે છે. મુદ્દામાલ હથિયારને ઘણો સમય થઇ ગયો હોય ઓળખી શકે નહી.

સદરહુ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં સાહેદે તેમના પોલીસ રુબરુના નિવેદન અનુરૂપ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે.

બચાવપક્ષે સાહેદે પોતાની **ઉલટતપાસ**માં જણાવેલ છે કે, બનાવવાળી જગ્યા પાસે જાહેર રસ્તો છે પરંતુ રહેણાંકના મકાન અમારુ અને આરોપીનુ છે.આ જાહેર રસ્તામાં લોકોની અવરજવર રહે છે આરોપી અમારા ઘરની સામે રહે છે તેથી ઓળખુ છુ. ૧૦૮ એમ્બ્યુલન્સ વાળો બોટાદ લાવેલો ગઢડા લાવેલો નહિ. આ ૧૦૮ કયાની હતી તે મને ખબર નથી.બોટાદ દવાખાને અમે ૨ કલાક જેટલુ રોકાયેલા. બોટાદ દવાખાને અમને પાટો બાંધી આપેલો અને અમને ભાવનગર જવા કીધેલુ. ભાવનગર જે લાલ દવાખાને તરીકે ઓળખાય છે ત્યાં અમે ગયેલા. ભાવનગર અમે ૨ થી ૩ દીવસ દવાખાને રોકાયેલા. ભાવનગરથી અમને ૪ દિવસે રજા આપી દીધેલી. બનાવની ફરીયાદ મારા દીકરાએ ગઢડા પોલીસ બોટાદ દવાખાને આવી ત્યારે આપેલી. ફરીયાદની હકીકત મારા દીકરાએ પોલીસને

લખાવેલી. પોલીસને મે કંઈ લખાવેલુ નથી.

૧૦.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં.૫ ડોકટર યગ્નેશકુમાર જયંતીભાઇ ઈસનોવાને આંક– ૧૩** થી તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હુ તા.૨૬.૧૨.૨૦૨૨ ના રોજના જનરલ હોસ્પિટલ બોટાદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે સાંજના ૬.૦૫ કલાકે દર્દી નામે ભુપતભાઈ બચુભાઈ શેખલીચાલ ઉ.વ. ૪૫, રહે.ભીમડાદ, તા.ગઢડા વાળાને ઈજા પામતા સારવાર માટે અમારી હોસ્પિટલમાં લાવેલાઈ દર્દીએ હીસ્ટીમા જણાવેલ કે તેમને સામાવાળા રણજીતભાઈ ધીરુભાઈએ પાણો માર્યો, દીલાભાઈ ધીરુભાઈએ પાણો માર્યો, મેહુલભાઈ ધીરુભાઈ, શૈલેષભાઈ ધીરુભાઈ, પ્રતાપભાઈ ધીરુભાઈ, રામજીભાઈ ધીરુભાઈ, ધીરુભાઈ દેવજીભાઈ આ લોકો પણ ત્યાં હતાં અને આરોપીને ઉશ્કેરતા હતા. તે દીવસે સાંજે ૪ કલાકે ભીમડાદ ગામે તેમના ઘર પાસે બનાવ બનેલોઈબનાવની વિગત પુછતાં તેમણે જણાવેલુ કે છોકરાઓની પતંગ પકડવાની બાબતમાં લપ થતા ઉપરાણુ લઈ સામાવાળાએ તેમને માર મારેલ છે. આ દર્દીને જમણા પગમાં લોહી નીકળતી ઈજા અને ફ્રેકચરની તકલીફ હતી. આ દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ હતી. ઈજા નં.૧ આ દર્દીને કપાયેલો છુદાયેલો ઘા જમણી બાજુના પગના નીચલા ભાગે હતો. કે જેનુ માપ ૧ × ૧ સે.મી. × બોન ડીપ હતુ. જેમાંથી લોહી વહેવાનુ ચાલુ હતુ અને અડીને તપાસતા તે પગના બંને નળાના નીચલા છેડે ફ્રેકચર હોવાનુ જણાતુ હતુ. આ ઈજા તાજા પ્રકારની અને ગંભીર ઈજા હતી કે જે જણાવ્યા મુજબના હથિયારથી કે કોઈ પણ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. આ દર્દીને પ્રાથમિક સારવાર આપયા બાદ વધુ સારવાર અર્થે સર.ટી હોસ્પિટલ ભાવનગર રીફર કરવામાં આવેલા હતા. દર્દીને જો કોઈ આડઅસર ના થાય તો તે ઈજા કેટલા દીવસમાં સારી થઈ શકે તે ઓર્થોપેડીક ડોક્ટર જ કહી શકે. અમોએ જે દર્દીને સારવાર આપેલી તેનુ અસલ સર્ટીફીકેટ મને બતાવવામાં આવે છે જે મારા હસ્તાક્ષરમા છે. તેમા મારી સહી તથા હોદાનો સીકકો મારેલો છે જે આ કામે આંક–૧૪ થી રજુ થયેલ છે. આજ રોજ હુ મારા દર્દીને આપેલ સારવારની ઓ.પી.ડી પેપર્સ મારી સાથે લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે જે આ કામે આંક–૧૫ થી રજુ

થયેલ છે. આજ રોજ હુ મારા દર્દીને આપેલ સારવાર અંગેનુ જે સર્ટીફીકેટ ગઢડા પોલીસને આપેલુ તે અંગેની યાદી તેઓએ અમોને લખેલી તે આજ રોજ હુ મારી સાથે લાવેલ છુ જેમાં ગઢડા પોલીસ સ્ટેશનના હે.કો.ની સહી છે જે આ કામે આંક–૧૬ થી રજુ થયેલ છે.

સદરહુ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં સાહેદે તેમના પોલીસ રુબરુના નિવેદન અનુરૂપ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે.

બચાવપક્ષે સાહેદે પોતાની **ઉલટતપાસ**માં જણાવેલ છે કે, મારા આંક ૧૪ વાળા સર્ટીફીકેટમાં કોઈ હોસ્પિટલનુ રાઉન્ડ શીલ મારેલ નથી. આ કામના આરોપી મારા દવાખાને પોલીસ યાદી વગર આવેલ હતો. ઈજા પામનાર વ્યકિત સાથે તેમના દીકરા અજયભાઈ હતી. આ પ્રકારની ઈજા દર્દીને ઓસરીના પગથીયાની ધાર વાગવાથી થઈ શકે અને ન પણ થઈ શકે. મારી ઈજા નં.૧ માં જે ફેકચર લખેલ છે તે એકસ–રે રીપોર્ટ વગર હું કહી શકુ નહી.

**૧૧.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં.૬ ડો. ચીંરજીલાલ સૈનીને આંક– ૨૦** થી તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હું તા.૧૯.૧૨.૨૦૨૨ ના રોજ હું સર ટી જનરલ હોસ્પીટલ ભાવનગર ખાતે ઓર્થો. સર્જન તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે દર્દી નામે ભુપતભાઈ બચુભાઈ શેખલીયા રહેઈ ભીમડાદ વાળા ઉ.વ.૪૫ નાઓ અમારી હોસ્પીટલમા પોલીસ યાદી સાથે સારવાર માટે આવેલા જે અમારી હોસ્પીટલમા સૌપ્રથમ આવતા તેઓને અમારી હોસ્પીટલના મેડીકલ ઓફીસરે તપાસ્યા બાદ અમારી પાસે મોકલેલા જેથી મારા સર્ટીફીકેટમા સમ લખેલો નથી દર્દી ને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાઈ આવેલી.

ઈજા નં.૧ જમણા પગમા ટીબીયા ફ્યુબુલા નું હાડકું નીચેના ભાગમા ભાંગી ગયેલો અને તે ઈજા ખુલ્લી હતી અને સી એલ ડબલ્યુ ની ઈજા હતી અને જે ઈજા ૩ × ૧

સે.મી. હતી.

દર્દી સભાન અવસ્થામા હતા અને દર્દી ને થયેલ ઈજા ગંભીર પ્રકારની હતી. જો કોઈ કોમ્પ્લીકેશન ના થાય તો ત્રણ થી સાડા ત્રણ મહીનામા સાજી થઈ શકે તેવી હતી. આ ઈજા અમારા મુજબ લાકડી, પથ્થર, પાઈપ જેવા સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી. આ દર્દીનું સારવાર નું સર્ટીફીકેટ મને બતાવવામાં આવે છે તેમાં મારી સહી તથા સીકકો છે જે આ કામે આંક– ૨૧ થી રજુ થયેલ છે.

બચાવપક્ષે સાહેદે પોતાની **ઉલટતપાસ**માં જણાવેલ છે કે, મારા સર્ટીફીકેટમા કોઈ હીસ્ટ્રી જણાવેલ નથી. દર્દી ને થયેલ ઈજા જો કોઈ વ્યકતી મો.સા પર થી પડી જાય કે દાદરા પર થી પડી જાય તો પણ થઈ શકે. દર્દી સૌપ્રથમ મેડીકલ ઓફીસર પાસે સારવાર લીધેલી અને ત્યારબાદ અમારી પાસે આવેલા.

**૧૨ )** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં.૭ દીગ્વીજયભાઇ જયવંતભાઇ પટગીરને આંક–૨૨** થી તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હુ તા.૨૬.૧૨.૨૨ ના રોજ ગઢડા ખાતે હે. કો. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ફરીયાદી ભુપતભાઈ બચુભાઈ શેખલઈયાનાએ આ કામના આરોપીઓએ ફરીયાદીને જમણા પગના નળા ના ભાગે પથ્થર મારી ફ્રેકચર જાનથી મારી નાખવાની ધમકી આપેલ જે બાબતની ફરીયાદ પી.એસ.ઓ ડી.એમ. મીઠાપરાનાએ લઈ આ કામની આગળ ની તપાસ અમોનો સોપેલ બાદ આ કામે તપાસ અમોએ સંભાળી તા.૨૬ . ૧૨ . ૨૨ ના રોજ ભીમડાદ ગામે જઈ બનાવ વાળી જગ્યાએ આવી બે પચો રુબર પંચનામુ કરેલ બાદ આ કામે આ કામે લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલા. બાદ ઈજા પામનાર નુ સારવાર સર્ટીફીકેટ અમોએ મેળવેલ જે ચાર્જશીટના કામે સામેલ રાખેલ . ત્યારબાદ આ કામના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળતા નામ . કોર્ટમા ચાર્જસીટ કરેલુ. આરોપીને જોયે ઓળખુ છુ જે આજરોજ નામઈકોર્ટ મા હાજર છે તે જ છે .

બચાવપક્ષે સાહેદે પોતાની **ઉલટતપાસ**માં જણાવેલ છે કે, મને તપાસ સોપી હોય તેવો કોઈ લેખિત આધાર મે રજુ કરેલ નથી. બનાવ વાળી જગ્યા જાહેર રસ્તો છે જયા આજુ બાજુ રહેણાકના મકાન આવલ છે જયા લોકો રહે છે. આ કામે કોઈ તટસ્થ

સાહેદો ના નીવેદનો લીધેલ નથી. આ કામે અમોએ આરોપીઓને અટક કરવા માટે અટક પંચનામુ કરેલુ નથી.

**<u>પંચસાહેદોના પુરાવાઓઃ–</u>**

**૧૩.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૮ પંચ** સંજયભાઇ છનાભાઇ સોલંકીને આંક–૨૩ થી તથા **સાહેદ નં. ૯ પંચ** નિલેશભાઇ મુકેશભાઇ વણોદીયાને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ આંક– ૨૪ થી બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદરહુ પંચસાહેદ પોતાના પંચનામા અનુસાર પુરાવો આપતા ન હોવાથી નામદાર અદાલત દ્વારા તેમને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં કોઈ પંચસાહેદે ફરિયાદપક્ષને અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી તેમને ફરી ગયેલા જાહેર કરેલા છે.

જ્યારે સદરહુ તમામ પંચસાહેદોએ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ પોતાની ઉલટતપાસમાં પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ હોવાનું કબુલ રાખેલ છે.

આમ, સદર પંચસાહેદોનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો પોલીસે પંચનામાની કાર્યવાહી પંચો રૂબરૂ કરેલ હોવાની કોઇ હકીકત જણાઇ આવતી નથી. જેથી સદર પંચસાહેદોના પુરાવાથી બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન મળતું નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

**૧૪)** આ કામે આરોપી પર આઈ.પી.સી. કલમ ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો આરોપ કરવામાં આવેલ. જેમાં ઈ.પી.કો.૩૨૫,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ ધ્યાનમાં લેવી જરુરી છે જે નીચે મુજબ છે.

**<u>કલમ–૧૧૪</u>** નો ગુનો આચરવામાં મદદગારી કરવાને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરિયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

૧. મુખ્ય ગુનો બન્યો હોવો જોઇએ એટલે કે જે ગુનાની મદદગારી કરવામાં આવી હોય તે ગુનો બન્યો હોવો જોઇએ.

૨. તે મુખ્ય ગુનામાં મદદગારે મદદગારી કરી હોવી જોઇએ.

૩. ગુનો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઇએ.

૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઇએ.

૫. ગુનો બનતાં પહેલા તથા ગુનો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઇએ.

**<u>કલમ–૩૨૫ સ્વેચ્છા પુર્વક મહાવ્યથા કરવા બાબત.</u>**

જે કોઈ વ્યકિત, કલમ–૩૩૫ માં જણાવેલ સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરે તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર થશે.

**<u>કલમ–૫૦૪</u>** મુજબનો ગુનો સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપુર્વક અપમાન કરવાને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરિયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

૧. આરોપીઓએ ઈરાદાપુર્વક કોઇનું અપમાન કર્યું.

૨. તેમ કરી આરોપીઓ તેને ઉશ્કેરવા માંગતો હતો.

૩. આરોપીઓ જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

કલમ – ૫૦૬(૨) ધ્યાને લેવા માટે તેના ઈન્ટીમીડેશન કલમ–૫૦૩માં આપેલ છે જે ધ્યાને લેવા જરૂરી છે.

**કલમ–૫૦૩ ગુનાહીત ધમકી:–**

જે કોઈ વ્યકિત, કોઈપણ રીતે બીજી કોઈ વ્યકિતને તેના શરીર, આબરૂ કે મિલકતને અથવા જે વ્યકિતમાં તે બીજી વ્યકિત હિત ધરાવતી હોય તેના શરીર અથવા આબરૂને હાનિ પહોંચાડવાની એવા ઈરાદાથી ધમકી આપે કે જેથી તે વ્યકિત ભયભીત થાય અથવા એવી ધમકીનો અમલ થતો અટકાવવા માટે પોતે જે કરવા કાયદેસર બંધાયેલી ન હોય તે કામ કરે અથવા જે કરવાનો પોતાને કાયદેસર હક

હોય તે કામ ન કરે, તેણે તે વ્યકિતને ગુનાહિત ધમકી આપી ગણાય.

**કલમ–૫૦૬(૨)** મુજબનો ગુનો ગુનાહીત ધમકીને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરિયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

૧. આરોપીએ ફરિયાદીની ધમકી આપેલી.

૨. તે ધમકી મુત્યુ નિપજાવવાની હતી.

૩. આવી ધમકી તેણે કરવાના કાયદેસરના કાર્યને ન કરવા કે કાર્યલોપ માટે આપવામાં આવેલ હતી.

**૧૫.)** હાલના કામે ફરીયાદપક્ષ ઘ્વારા એવી રજુઆત કરવામાં આવેલી છે કે, આ કામના ફરીયાદીના દીકરા રૂત્વીક તથા વિજય પતંગ ચગાવતા હતા ત્યારે આ કામના આરોપી રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયા સાથે ઝઘડો થતા ફરીયાદી સમજાવતા હતા ત્યારે રણજીતભાઈ તથા મેહુલભાઈ તથા દિલીપભાઈ તથા શૈલેષભાઈ ભુંડા બોલી ગાળો આપી આરોપી રણજીતભાઈએ ફરીયાદીના જમણા પગના નળાના ભાગે પથ્થર મારી ફ્રેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલો.

હાલના કામે સર્વ પ્રથમ ફરીયાદીની જુબાની ઘ્યાને લઈએ તો આંક– ૦૭ પ્રમાણે તેઓએ કોર્ટ સમક્ષ જુબાની આપેલ છે. જે જુબાની પ્રમાણે તેઓએ બનાવના દીવસે તેઓ ઘરે હાજર હતા ત્યારે સાંજના પાંચ વાગ્યે રણજીતભાઈએ પથ્થર મારેલો. પતંગ લેવા બાબતે ઠપકો આપતા આ છોકરો તેના પીતા દીલીપભાઈ તથા તેના કાકા રણજીતભાઈને આ બાબતે કહેવા ગયેલો જેથી આ વખતે આ દીલીપભાઈ ધીરુભાઈ, રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયા, મેહુલભાઈ ધીરુભાઈ શેખલીયા અને શૈલેષભાઈ ધીરુભાઈ શેખલીયા મારા ઘરે આવેલા અને ફરીયાદ ઘરના ફળીયામાં ઉભો હતો ત્યારે આ ચારેય જણા પાસે લાકડીઓ હતી અને મારો પગ ભાંગી ગયેલો હોય મને આ લોકોએ મારેલો નહી. આમ, ફરીયાદી પોતે કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવે છે કે, આ કામના આરોપી નં. ૧ રણજીતભાઈએ તેમને પથ્થર મારેલો. અન્ય આરોપીઓ પાસે લાકડીઓ હતી પરંતુ, ફરીયાદીનો પગ ભાંગી ગયેલ હોય આ લોકોએ મારેલો નહી.જેથી, આરોપી નં. ૧ ના પથ્થર મારેલ હોવાની હકીકતને

ફરીયાદીએ સમર્થન આપેલ છે તે સિવાય અન્ય આરોપીઓએ કોઇ માર મારેલ હોય કે કંઇ બોલેલ હોય તે વાતને સમર્થન આપેલ નથી. આ કામના અન્ય સાહેદોએ પણ ફરીયાદીને આરોપી નં. ૧નાએ પથ્થર મારેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે.

**૧૬.)** હાલના કામે ફરીયાદપક્ષે આંક–૧૩ થી ડો. યગ્નેશકુમાર જયંતીભાઇ ઇસનાવાની જુબાની ધ્યાને લઇએ તો સદર ફરીયાદી જનરલ હોસ્પીટલ તેમની પાસે સારવાર માટે ગયેલા જેમાં દર્દીએ હીસ્ટ્રીમાં તેમને આરોપી રણજીતભાઇ ધીરુભાઈએ પાણો માર્યો હોવાની હકીકત જણાવેલ અને દર્દીને જે ઇજા હતી તેમાં ઇજા નં. ૧ આ દર્દીને કપાયેલો છુંદાયેલો ઘા જમણી બાજુના પગના નીચલા ભાગે હતો કે જેનુ માપ ૧× ૧ સે.મી.× બોન ડીપ હતુ. જેમાંથી લોહી વહેવાનુ ચાલુ હતુ અને અડીને તપાસતા તે પગના બંને નળાના નીચલા છેડે ફ્રેકચર હોવાનું જણાતુ હતુ. અને આ ઇજા તાજા પ્રકારની હતી અને ગંભીર ઇજા હતી જે જણાવ્યા મુજબના હથિયારથી કે કોઇપણ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી. આમ, આરોપી નં. ૧ના ફરીયાદીને પાણો મારેલ હોવાની અને સદર ઇજા ગંભીર હોવાની હકીકતને સદર સાહેદના પુરાવાથી તથા તેમના ધ્વારા આપવામાં આવેલ આંક–૧૪ના સારવારના સર્ટીફીકેટથી સમર્થન પ્રાપ્ત થાય છે.

**૧૭.)** હાલના કામે ફરીયાદપક્ષે આંક–૨૦ થી ડો. ચીંરજીલાલ સૈનીની જુબાની ધ્યાને લઇએ તો સદર ડોકટર સર ટી જનરલ હોસ્પીટલ ભાવનગર ખાતે ઓર્થો.સર્જન તરીકે ફરજ પર હતા ત્યારે ફરીયાદ પોલીસ ચાદી સાથે તેમની પાસે સારવાર માટે ગયેલા. જેમણે દર્દીને તપાસતા ઇજા નં. (૧) જમણા પગમાં ટીબીચા ફ્યુબુલાનું હાડકુ નીચેના ભાગમાં ભાંગી ગયેલો અને તે ઇજા ખુલ્લી હતી અને સી એલ ડબલ્યુ ની ઇજા હતી અને જે ઇજા ૩× ૧ સે.મી. હતી. દર્દી સભાન અવસ્થામાં હતા અને દર્દીને થયેલ ઇજા ગંભીર પ્રકારની હતી અને જો કોઇ કોમ્પલીકેશન ના થાય તો ત્રણ થી સાડા ત્રણ મહીનામાં સાજી થઇ શકે તેવી હતી. આ ઇજા લાકડી, પથ્થર, પાઇપ જેવા સખત અને બોથડ પદાર્થ વડે થઇ શકે તેવી હતી. આ દર્દીનું સારવારનું સર્ટીફીકેટ આંક–૨૧ થી રજુ થયેલ છે. આમ, સદરહું સાહેદની જુબાની અને સર્ટીફીકેટ જોતા ફરીયાદીને થયેલ ઇજા ગંભીર પ્રકારની હતી તે બાબતને સમર્થન પ્રાપ્ત થાય છે.

**૧૮ )** હાલના કામે ફરીયાદીની ફરીયાદ ઘ્યાને લેતા તેમજ તેની જુબાની ઘ્યાને લેતા

તેમજ ડોકટરની જુબાની ધ્યાને લેતા એવુ જણાઈ આવે છે કે, આ કામના આરોપી નં. ૧ રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયાએ ફરીયાદીને પગના ભાગે પથ્થર મારી ગંભીર પ્રકારની ઈજા પહોંચાડેલ. જયારે અન્ય આરોપીઓએ ફરીયાદીને કોઈ ઈજા પહોંચાડેલ હોય કે કાંઈ બોલેલ હોય તેવુ ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. જેથી, આ કામના આરોપી નં. ૧ રણજીતભાઈ ધીરૂભાઈ શેખલીયા સામે ઈ.પી.કો. કલમ ૩૨૫ ના તત્વો પુરવાર થાય છે તેવુ આ કોર્ટનું માનવુ છે.

**૧૯)** ફરીયાદપક્ષે તપાસેલ તમામ સાહેદોની જુબાની ધ્યાને લઈએ તો ઈ.પી.કો.કલમ–૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ બાબતે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ સાહેદોની જુબાનીઓ તેમજ નિવેદનો ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષ આ કામના આરોપીઓએ ફરીયાદીને ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **એ.બી.વાટલીયા વિ. ગુજરાત રાજ્ય [જી.એલ.આર. ૨૦૧૧(૩) ૨૫૫૭]** ને માનસહ વંચાણે લેતાં તેના પેરા ૮ માં ઠરાવેલ છે કે,

> *"The complaint dated 28-1-2003 appears to be vague and no specific allegations are made which can show that the ingredient of Sec. 504 of I.P.C. are attracted qua accused No. 4 for issuance of process. In order to appreciate whether the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature mentioned above, it was necessary to know that what were the abusive words alleged to have been used by the petitioner. In the instant case, no such abusive words are mentioned or specified in the complaint. Therefore, it cannot be said that the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature stated above."*

તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો અન્ય ચુકાદો **૨૦૦૭(૧) જી.એલ.એચ. ૩૩૭, પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પણ નામદાર કોર્ટે ઠરાવેલ છે કે,

> *"Actual Words use by accused not coming on record. Unless they come on record, it is not possible to hold that the offence is committed. The insult as envisaged in S.504 must not only be intentional but also there by must give provocation to person insulted to break public peace or to commit any other offence."*

આજ સંદર્ભે અત્રેની અદાલત **૨૦૦૭(૧) જી.એલ.એચ. ૩૩૭, પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. ગુજરાત રાજ્ય**માં નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગાઉના ચુકાદો **૨૦૦૨(૧) જી.એલ.એચ.**(UJ) ૪લ **મુનશફખાન ચાશીનખાન પઠાણ વિ. ગુજરાત રાજ્યનો ચુકાદો** રીફર કરવામાં આવેલ છે તે ચુકાદાના પારા–૧૧ માં ઠરાવેલ તે ઉપર આધાર રાખેલ છે.

> *"...The words alleged to have been uttered by the petitioners in fact did not cause any alarm to the complainant right from the time they were alleged to have been uttered. There is no evidence worth the name to indicate that the complainant was not in a position to attend to his duties at any point of time after he lodged the complainant. Thus in the admitted facts and circumstances of the case, there is a clear error of law committed by the Courts below as noticed herein above...."*

**૨૦)** જેથી, સમગ્ર પુરાવાને ધ્યાને લેતા એવુ જણાઈ આવે છે કે, ફરીયાદપક્ષ આ કામના આરોપી નં. ૧ રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયાએ ફરીયાદીને જમણા પગના નળાના ભાગે પથ્થર મારી ફ્રેકચર કરી ગંભીર પ્રકારની ઈજા પહોંચાડેલ તેવુ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહે છે તેમજ ફરીયાદપક્ષ ફરીયાદી કે સાહેદોને ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ પુરવાર કરવામાં અસફળ રહેલ છે અને જેથી, મુદ્દા નં.૧ નો જવાબ અંશત: હકારમાં આપી મુદ્દા નં. ૨નો જવાબ નીચે મુજબ કરવામાં આવે છે.

## –: હુકમ :–

**૧.)** આ કામના આરોપી (૧) રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયાનાઓને ગઢડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૪૨૨૧૭૨૯/૨૦૨૨ ના કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩, ની કલમ ૨૪૮(૨) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ – ૩૨૫ મુજબના ગુનાના કામના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** આ કામના આરોપી (૧) રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયાનાઓને ગઢડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૪૨૨૧૭૨૯/૨૦૨૨ ના કામે ક્રિમીનલ પ્રોસીઝર

કોડ, ૧૯૭૩, ની કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબના ગુનાના કામના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.)** આ કામના આરોપીઓ (૨) મેહુલભાઈ ઉર્ફે રાહુલ ધીરુભાઈ શેખલીયા (૩) દિલીપભાઈ ધીરુભાઈ શેખલીયા (૪) શૈલેષભાઈ ધીરુભાઈ શેખલીયા નાઓને ગઢડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૪૨૨૧૭૨૯/૨૦૨૨ ના કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩, ની કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૨૫, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબના ગુનાના કામના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૫મી, મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી , સહી કરીને જાહેર કર્યો .

તા. ૧૫ –૦૫ –૨૦૨૬<br>
મુ. ગઢડા.

(રવિન્દ્રકુમાર)<br>
એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,<br>
તા. ગઢડા જી. બોટાદ.<br>
(જી.જે. ૦૦૧૭૧૩)

**HSP**

**સજા બાબતે હુકમ :–**

હાલના કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રી એલ.બી.સોલંકી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, હાલના કામે ગુનો ગંભીર પ્રકારનો નથી તેમજ તેમા સજાની જોગવાઈ દસ વર્ષ કરતા ઓછી છે અને આરોપીઓ સામે આજદિન સુધી આ કેસ સિવાય અન્ય કોઈ ફરીયાદ પણ થયેલ નથી. તેથી, હાલના કેસના સંજોગો, આરોપીઓની વર્તણુંક અને ગુનાની જોગવાઈને ધ્યાને લઈએ તો આરોપીઓને સી.આર.પી.સી. કલમ–૩૬૦ હેઠળ પ્રોબેશનનો લાભ આપવાની અરજ કરે છે. હાલના કામે સી.આર.પી.સી. કલમ –૩૬૦ ધ્યાને લેવી જરુરી જણાઈ આવે છે જે નીચે મુજબ છે.

360. Order to release on probation of good conduct or after admonition.

(1)When any person not under twenty-one years of age is convicted of an offence punishable with fine only or with imprisonment for a term of seven years or less, or when any person under twenty-one years of age or any woman is convicted of an offence not punishable with death or imprisonment for life, and no previous conviction is proved against the offender, if it appears to the Court before which he is convicted, regard being had to the age, character or antecedents of the offender, and to the circumstances in which the offence was committed, that it is expedient that the offender should be released on probation of good conduct, the Court may, instead of sentencing him at once to any punishment, direct that he be released on his entering into a bond, with or without sureties, to appear and receive sentence when called upon during such period (not exceeding three years) as the Court may direct and in the meantime to keep the peace and be of good behaviour :Provided that where any first offender is convicted by a Magistrate of the second class not specially empowered by the High Court, and the Magistrate is of opinion that the powers conferred by this section should be exercised, he shall record his opinion to that effect, and submit the proceedings to a Magistrate of the first class, forwarding the accused to, or taking bail for his appearance before such Magistrate, who shall dispose of the case in the manner provided by sub-section (2).

(2)Where proceedings are submitted to a Magistrate of the first class as provided by sub-section (1), such Magistrate may thereupon pass such sentence or make such order as he might have passed or made if the case had originally been heard by him, and, if he thinks further inquiry or additional evidence on any point to be necessary, he may make such inquiry or take such evidence himself or direct such inquiry or evidence to be made or taken.

(3)In any case in which a person is convicted of theft, theft in a building, dishonest misappropriation, cheating or any offence under the Indian Penal Code (45 of 1860), punishable with not more than two years' imprisonment or any offence punishable with fine only and no previous conviction is proved against him, the

Court before which he is so convicted may, if it thinks fit, having regard to the age, character, antecedents or physical or mental condition of the offender and to the trivial nature of the offence or any extenuating circumstances under which the offence was committed, instead of sentencing him to any punishment, release him after due admonition.

(4)An order under this section may be made by any Appellate Court or by the High Court or Court of Session when exercising its powers of revision.

(5)When an order has been made under this section in respect of any offender, the High Court or Court of Session may, on appeal when there is a right of appeal to such Court, or when exercising its powers of revision, set aside such order, and in lieu thereof pass sentence on such offender according to law :Provided that the High Court or Court of Session shall not under this sub-section inflict a greater punishment than might have been inflicted by the Court by which the offender was convicted.

(6)The provisions of Sections 121, 124 and 373 shall, so far as may be, apply in the case of sureties offered in pursuance of the provisions of this section.

(7)The Court, before directing the release of an offender under sub-section (1), shall be satisfied that an offender or his surety (if any) has a fixed place of abode or regular occupation in the place for which the Courts acts or in which the offender is likely to live during the period named for the observance of the conditions.

(8)If the Court which convicted the offender, or a Court which could have dealt with the offender in respect of his original offence, is satisfied that the offender has failed to observe any of the conditions of his recognisance, it may issue a warrant for his apprehension.

(9)An offender, when apprehended on any such warrant, shall be brought forthwith before the Court issuing the warrant, and such Court may either remand him in custody until the case is heard or admit him to bail with a sufficient surety conditioned on his appearing for sentence and such Court may, after hearing the case, pass sentence.

(10)Nothing in this section shall affect the provisions of the Probation of Offenders Act, 1958 (20 of 1958) or the Children Act, 1960 (60 or 1960), or any other law for the time being in force for the treatment, training or rehabilitation of youthful offenders.

તેથી, હાલના કામે આરોપીને સજા કરવામાં આવેલ ગુનાને ધ્યાને લઈએ તો તેમા સાત વર્ષ સુધીની સજાને પાત્ર ગુનો છે તેમજ ફરીયાદીને આરોપી નં. ૧ ધ્વારા ગંભીર પ્રકારની ઈજા કરવામાં આવેલ હોય અને તેથી પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો સમાજમાં વિરુધ્ધનો સંદેશ જાય તેમ છે. તેથી, આ કામના આરોપી નં. ૧ ને હાલના કામે સી.આર.પી.સી. કલમ–૩૬૦ હેઠળ પ્રોબેશનનો લાભ આપવા પાત્ર જણાઈ આવતો ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

**૧.** આ કામના આરોપી નં. ૧ રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયાનાઓને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૫ હેઠળ ૦૩(ત્રણ) વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપી નં. ૧ રણજીતભાઈ ધીરુભાઈ શેખલીયાનાઓએ ફરીયાદી ભુપતભાઈ બચુભાઈ શેખલીયાને સી.આર.પી.સી. કલમ ૩૫૭ હેઠળ રૂપિયા ૩૦૦૦/– આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમ કરવામાં કસુર કરશે તો ત્રણ મહીનાની સાદી કેદની સજા ભોગવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૬૩ મુજબ વિના મુલ્યે હુકમની નકલ પુરી પાડવી.

**૪.** આરોપી ટ્રાયલ દરમીયાન કસ્ટડીમાં રહેલ હોય તો તે મજરે ગણવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૫મી, મે , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી , સહી કરીને જાહેર કર્યો .

તા. ૧૫ –૦૫ –૨૦૨૬ (રવિન્દ્રકુમાર)
મુ. ગઢડા. એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તા. ગઢડા જી. બોટાદ.
(જી.જે. ૦૦૧૭૧૩)